**ક્રિમીનલ કેસ નં.૮૯૪૭/૧૯**

ફરીયાદી :– શ્રી સરકાર

વિરૂધ્ધ

આરોપી :– સાજન અશ્વીનકુમાર શાહ

રહે,શ્રીનાથ સોસાયટી,સમર્પણ ટાવરની સામે,

ઘાટલોડીયા,અમદાવાદ

**ગુન્હો :– ભારતીય દંડ સંહિતાની કલમ–૨૭૯,તથા મોટર વ્હીકલ એકટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબ.**

**–: ઠરાવ :–**

૧. આ કામનાં આરોપી સામે ફરીયાદ પક્ષનો આંક–૧ ના ચાર્જશીટમાં જણાવ્યા સંદર્ભનો કેસ છે.

૨. આરોપી આજરોજ અદાલતમાં હાજર છે. આરોપીને ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૦૭ અન્વયે પોલીસ તપાસનાં કાગળોની નકલો આપેલી છે. આ કામે આરોપીએ આંક ૪ થી પ્લી નોંધવામા આવેલ છે. જેમા તેઓએ ગુન્હાનો સ્વીકાર કરતુ નીવેદન આપેલ વધુમાં આંક ૫ થી કબુલાત પુરસીસ રજુ કરી ગુન્હાની કબુલાત કરે છે.જે રેકર્ડ કરી સદર આરોપીને તકસીરવાન ઠરાવવામાં આવે છે. આરોપીની ગુન્હાની કબુલાત ન માનવાને કોઈ કારણ નથી અને તેણે દયાની માંગણી કરેલ છે. તેનો આ પ્રથમ ગુન્હો હોવાનું તે જણાવે છે. હવેથી આવો ગુન્હો નહીં કરવાની તે ખાત્રી આપે છે અને સદરહું ગુન્હો અચાનક બની ગયેલ હોવાનું જણાવે છે. આરોપીની કબુલાત પુરસીસ તેની મૌખિક દલીલો ધ્યાને લેતાં તથા ફરીયાદના ગુન્હાની જોગવાઈ ધ્યાને લેતાં તેમજ આજ રોજ નેશનલ લોક અદાલત સબ સ્પેશીયલ સીટીંગનું આયોજન કરેલ હોય તે ધ્યાને લેતાં સદર કેસમાં આરોપીને ઓછામાં ઓછો દંડ કરવો મને ન્યાયી અને ઉચિત જણાતુ હોય નીચે મુજબનો છેવટનો હુકમ ફરમાવુ છું.

## **-: હુકમ :-**

(૧) આથી આરોપીને ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ-૨૫૨ મુજબ ભારતીય દંડ સંહિતાની કલમ-૨૭૯, તથા મોટર વ્હીકલ એકટની કલમ-૧૭૭, ૧૮૪ મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવી માં આરોપીને ભારતીય દંડ સંહિતાની કલમ-૨૭૯, મુજબના ગુન્હામાં રૂા.૩૦૦/- (અંકે રૂપિયા ત્રણસો) પુરાનો દંડ ની સજા ફરમાવવામાં આવે છે જો આરોપી દંડની રકમ ન ભરે તો દિન-૫ ની સાદી કેદની સજા ફરમાવવામાં આવે છે તથા મોટર વ્હીકલ એકટની કલમ-૧૭૭ મુજબના ગુન્હામાં રૂા.૧૦૦/- (અંકે રૂપિયા સો) પુરાનો દંડ ની સજા ફરમાવવામાં આવે છે જો આરોપી દંડની રકમ ન ભરે તો દિન-૨ ની સાદી કેદની સજા ફરમાવવામાં આવે છે તથા મોટર વ્હીકલ એકટની કલમ-૧૮૪ મુજબના ગુન્હામાં રૂા.૧૦૦/- (અંકે રૂપિયા સો) પુરાનો દંડ ની સજા ફરમાવવામાં આવે છે જો આરોપી દંડની રકમ ન ભરે તો દિન-૨ ની સાદી કેદની સજા ફરમાવવામાં આવે છે.

આજ તારીખ-૧૩-મી, માહે-જુલાઈ, સને-૨૦૧૯ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૧૩/૦૭/૨૦૧૯
સ્થળ : અમદાવાદ(ગ્રામ્ય)

(કુ.એસ.એન ફાળકી)
૯મા એડી.સીવીલ જજ
અને જયુડી.મેજી.ફ.ક,અમદાવાદ (ગ્રામ્ય),મીરઝાપુર
**CODE NO.001579**